

## શ્રમ કાયદાઓ હેઠળ સુધારાઓ (૨૦૧૫) અંગેની સરળ સમજુતી

# શ્રમેવ જયતે

સ્થળ-: "સમૃદ્ધિ" ચોથોમાળ
મક્કાઈપુલ, નાનપુરા.
સુરત.

તારીખ-: ૨૭-૦૭-૨૦૧૮ શુક્રવાર

સમય -: સવારે ૧૦-૩૦ કલાકે

શ્રમ અને રોજગાર વિભાગ,
ગુજરાત સરકાર, ગાંધીનગર

| શ્રમ કાયદાઓ હેઠળની પ્રવર્તમાન જોગવાઇઓ, અમલમાં આવનાર વિવિધ શ્રમ કાયદાના સુધારાઓથી શ્રમ વર્ગને થતા લાભની વિગતો | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | અધિનિયમનું નામ અને કલમની વિગત | પ્રવર્તમાન જોગવાઇ | અમલમાં આવનાર સુધારા | સુધારાના લાભો |
| ૧. | કામદાર વળતર અધિનિયમ-૧૯૨૩<br>કલમ-૨૨(૧)(એ) | શ્રમયોગી/તેમના આશ્રિતે વળતર માટે અરજી કરવાની સમયમર્યાદા-૯૦ દિવસ | શ્રમયોગી/તેમના આશ્રિતે વળતર માટે અરજી કરવાની સમયમર્યાદા-૯૦ દિવસમાં ન કરે તો રાજય સરકારે અધિકૃત કરેલ અધિકારી દ્વારા વળતર માટેની અરજી કરવાનો સુધારો કરેલ છે. | - શ્રમયોગી તથા તેના આશ્રિત માહિતગાર ન હોઇ ત્યારે વળતર મળવામાં થતો વિલંબ નિવારી શકાશે. |
| ૨. | ઔધોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭<br>કલમ-૨(એન) | હાલમાં સંસ્થાને લોકોપયોગી સેવા જાહેર કરવાની મુદત ૬ માસની છે | સંસ્થાને લોકોપયોગી સેવા જાહેર કરવાની મુદત ૧ વર્ષ કરવાનો તેવો સુધારો કરેલ છે. | - સંસ્થાને વારંવાર અરજીઓ કરવામાંથી મુકિત.<br>-ઔધોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ જળવાશે.<br>- હડતાળ અને તાળાબંધી જેવી શ્રમ પરિસ્થિતઓ નિવારી શકાશે. જેથી ઉત્પાદકતા વધશે અને શ્રમયોગી વર્ગ સાતત્ય પૂર્વક રોજગારી મેળવી શકશે. |
| ૩ | ઔધોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭<br>કલમ-૨(એ)(૩) | હાલમાં શ્રમયોગી ને નોકરીમાં પુનઃસ્થાપિત થવા અંગેની ફરીયાદ કરવા માટેની સમય-મર્યાદા ૩ વર્ષની છે. | શ્રમયોગી ને નોકરીમાં પુનઃસ્થાપિત થવા અંગેની ફરીયાદ કરવા માટેની સમય-મર્યાદા ૧ વર્ષની કરવાનો સુધારો કરેલ છે. | - પુનઃસ્થાપિતની ફરિયાદ ઝડપથી કરવા માટે શ્રમયોગીઓમાં જાગૃતિમાં આવશે. .<br>- પુનઃસ્થાપિત થવા અંગેની શ્રમયોગીની ફરિયાદનો ઝડપથી નિકાલ આવશે અને ન્યાય મળશે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ઔધોગિક વિવાદ અધિનિયમ-૧૯૪૭<br>કલમ-૨૫-વી(૨) અને કલમ-૨૫-(ઝેડ)(એ) (૧)(બી) | હાલમાં રાજયમાં આવેલ સ્પેશ્યલ ઇકોનોમી ઝોનમાં કાર્યરત ઔધોગિક એકમોમાં કામ કરતા શ્રમયોગીઓની છટણી સરળ બનાવવાની જોગવાઇ છે. અને આવા શ્રમયોગીઓને ૪૫ દિવસનું છટણી વળતર પ્રતિ વર્ષ આપવાની જોગવાઇ છે. | સ્પેશ્યલ ઇકોનોમી ઝોન, બધાજ ૧૦૦ ટકાનિકાસલક્ષી એકમો, SIR ( Special Investment Regions) તથા નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ મેન્યુફેકચરીંગ ઝોનના ઔધોગિક એકમોમાં કામ કરતા શ્રમયોગીઓને છટણી થવાના કિસ્સામાં ૪૫ દિવસના છટણી વળતરમાં વધારો કરી ૬૦ દિવસના છટણી વળતર પ્રતિ વર્ષ આપવાનો સુધારો કરેલ છે. | - રોજગારીની તકોમાં તેમજ મૂડી રોકાણમાં નોંધપાત્ર વધારો થશે. અને ૬૦ દિવસનું છટણી વળતર પ્રતિ વર્ષ આપવાની જોગવાઇને પરિણામે શ્રમયોગી વર્ગને આર્થિક રાહત રહેશે. |
| ૫. | લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ કલમ-૨(ઇ) | હાલમાં માલિકની વ્યાખ્યામાં આઉટસોર્સિંગ એજન્સીનો સ્પષ્ટ રીતે સમાવેશ કરવામાં આવેલ નથી. | માલિકની વ્યાખ્યામાં આઉટસોર્સિંગ એજન્સીનો સ્પષ્ટ રીતે સમાવેશ કરવાનો સુધારો કરેલ છે. | - આઉટસોર્સિંગ એજન્સીના માધ્યમથી કામે રાખવામાં આવતા શ્રમયોગીઓને લઘુત્તમ વેતન મળશે અને શોષણ થતું અટકશે. |
| ૬ | લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ કલમ-૧૧(૧) | હાલમાં વેતન રોકડથી ચુકવવા અંગેની જોગવાઇ છે. | ફેકટરી એક્ટ-૧૯૪૮ લાગુ પડતો હોય અથવા ૨૦ કે તેથી વધારે શ્રમયોગી રાખેલ હોય તેવી ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ-૧૯૪૮ લાગુ પડતો હોય તેના શ્રમયોગીઓને ચેક અથવા શીડયૂલ્ડ બેંક ધ્વારા વેતન ચુકવણી કરવામાં આવશે એવો સુધારો કરેલ છે. | - વેતન ચુકવણીમાં પારદર્શીતા આવશે, શ્રમયોગીઓને પૂરેપુરું વેતન મળશે અને ફરિયાદો ઘટશે. |
| ૭ | મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી (રોજગારીનું નિયમન અને સેવાની શરતો) અધિનિયમ-૧૯૯૬<br>કલમ-૨(ઇ)(ii) | કલમ-૨(ઇ)(ii)માં વેતનની મર્યાદા રૂ.૧૬૦૦/- દર્શાવવામાં આવેલ છે | કુશળ શ્રમયોગીને મળવા પાત્ર માસીક લઘુતમ વેતનના ત્રણ ગણાવેતનની મર્યાદા કરવાનો સુધારો કરેલ છે. | -વધુ શ્રમયોગીઓને બાંધકામ શ્રમયોગી તરીકે વ્યાખ્યાયિત કરી શકાશે. જેથી તેઓને સદર અધિનિયમ હેઠળ મળવાપાત્ર લાભો મળી શકશે. |
| ૮ | અસંગઠીત શ્રમયોગી સામાજીક | હાલની જોગવાઇ મુજબ જે | અસંગઠિત શ્રમયોગીઓની વ્યાખ્યા સુનિશ્ચિત | -આ સુધારાથી અસંગઠિત |

મેવ જયતે